<u>**અગ્રતા – ૧૦**</u>

**પ્રશ્ન- :** **કોલ્ડ સ્ટોરેજ સ્થાપવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રી દ્વારા આપવામાં આવતી સહાય કોને મળવાપાત્ર છે ? અને સહાયનું ધોરણ શું છે ?**

જવાબ : **માન. અધ્યક્ષશ્રી,** માન. સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં જણાવું તો,
પ્રસ્તાવના

- બાગાયતી પાકો કાપણી કર્યા બાદ ઝડપથી બગડી જતી જણસો હોઈ બાગાયતી ખેતી કરતા ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી રહે અને ગ્રાહકોને ગુણવત્તાયુક્ત સારી ફળ અને શાકભાજી મળે તે હેતુસર આવી જણસોને કોલ્ડ સ્ટોરેજમાં લાંબા સમય સુધી સંગ્રહ કરવામાં આવે છે. જેના માટે સરકારશ્રીના બાગાયત ખાતા તરફથી સહાય આપવામાં આવી રહી છે.
- કોલ્ડ સ્ટોરેજમાં રાખેલ ફળ અને શાકભાજીને આખુ વર્ષ મળી રહે છે. જલ્દી બગડી જાય તેવી પેદાશોને બગડતી અટકાવવા માટે કોલ્ડ સ્ટોરેજનો ઉપયોગ થાય છે, જેથી વિદેશોમાં નિકાસ માટે પણ ફાયદાકારક બને છે.

**માન. અધ્યક્ષશ્રી**

- કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રી યોજના હેઠળ કોલ્ડ સ્ટોરેજ ઊભા કરવા માટે સામાન્ય તથા આદિજાતિ વિસ્તારોમાં વ્યક્તિગત લાભાર્થી અને **સંસ્થાકીય લાભાર્થીઓ જેવાકે, માર્કેટ યાર્ડ, સહકારી ખેડૂત સંસ્થા, જાહેર સાહસો, કે રજીસ્ટર્ડ ખેડૂત ઉત્પાદક સંગઠનને ૫૦ થી ૭૫ % સુધી સહાય મળવાપાત્ર થાય છે.**

**માન. અધ્યક્ષશ્રી,** માન. સભ્યશ્રીના બીજા પ્રશ્નના જવાબમાં જણાવું તો,

**૨૫૦ ટન થી મોટી સંગ્રહ ક્ષમતાવાળી ચેમ્બરના ૫૦૦૦ મેટ્રીક ટન સુધીની ક્ષમતાના કોલ્ડ સ્ટોરેજ સ્થાપવા માટેના સહાયનું ધોરણ જણાવું તો,**

**વ્યક્તિગત લાભાર્થી**

- **સામાન્ય વિસ્તાર મહત્તમ રૂપિયા ૨ કરોડ ૫ લાખ**
- **આદિજાતી વિસ્તાર મહત્તમ રૂપિયા ૨ કરોડ ૬૫ લાખ**

**સંસ્થાકીય લાભાર્થી**

- **સામાન્ય વિસ્તાર મહત્તમ રૂપિયા ૨ કરોડ ૪૬ લાખ**
- **આદિજાતી વિસ્તાર મહત્તમ રૂપિયા 3 કરોડ ૭ લાખ ૫૦ હજાર**

**માન. અધ્યક્ષશ્રી,**

**૨૫૦ ટન થી નાની સંગ્રહ ક્ષમતાવાળી ચેમ્બરના ૫૦૦૦ મેટ્રીક ટન સુધીની ક્ષમતાના કોલ્ડ સ્ટોરેજ સ્થાપવા માટેના સહાયનું ધોરણ જણાવું તો,**

**વ્યક્તિગત લાભાર્થી**

- **સામાન્ય વિસ્તાર મહત્તમ રૂપિયા ૨ કરોડ ૫૫ લાખ**
- **આદિજાતી વિસ્તાર મહત્તમ રૂપિયા ૩ કરોડ ૨૫ લાખ**

**સંસ્થાકીય લાભાર્થી**

- સામાન્ય વિસ્તાર મહત્તમ રૂપિયા ૩ કરોડ ૬ લાખ
- આદિજાતી વિસ્તાર મહત્તમ રૂપિયા ૩ કરોડ ૭૫ લાખ

**માન. અધ્યક્ષશ્રી**

**નિયંત્રિત વાતવરણ પ્રણાલીના ૫૦૦૦ મેટ્રીક ટન સુધીની ક્ષમતાના કોલ્ડ સ્ટોરેજ સ્થાપવા માટેના સહાયનું ધોરણ જણાવું તો,**

**વ્યક્તિગત લાભાર્થી**

- સામાન્ય વિસ્તાર મહત્તમ રૂપિયા ૫ કરોડ
- આદિજાતી વિસ્તાર મહત્તમ રૂપિયા ૬ કરોડ ૫૦ લાખ

**સંસ્થાકીય લાભાર્થી**

- સામાન્ય વિસ્તાર મહત્તમ રૂપિયા ૬ કરોડ
- આદિજાતી વિસ્તાર મહત્તમ રૂપિયા ૭ કરોડ ૫૦ લાખ

**<u>અગ્રતા – ૧૦</u>**

**પ્રશ્ન- : કોલ્ડ સ્ટોરેજ ઉભા કરવાની સહાય મેળવવા માટે અરજીની પ્રક્રિયા શું છે ?**

**જવાબ : માન. અધ્યક્ષશ્રી**

માન. સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં અરજી પ્રક્રિયા જણાવું તો,

લાભાર્થીએ આઈ-ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરી જમીનના ઉતારા, આધાર કાર્ડ, બેંક લોન અંગેના પુરાવા, પ્રોજેકટ રીપોર્ટ તથા ક્વોટેશન સહીત કોલ્ડ સ્ટોરેજ સંલગ્ન સાધનિક કાગળો સંબંધિત જિલ્લાની બાગાયત ખાતાની કચેરી ખાતે રજુ કરવાના થાય છે.

કોલ્ડ સ્ટોરેજ માટે સહાયની અરજીની દરખાસ્તને જિલ્લાનાં જિલ્લા વિકાસ અધિકારીની અધ્યક્ષતા હેઠળની જિલ્લા કક્ષાની સમિતિની ભલામણને ધ્યાને લઈ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ સચિવશ્રી (કૃષિ)ના અધ્યક્ષતા હેઠળની રાજ્ય કક્ષાની સમિતિમાં મંજુર કરવામાં આવે છે.

**માન. અધ્યક્ષશ્રી**

મંજુરી મળ્યેથી અરજદારશ્રીએ કામગીરી પૂર્ણ કરી જરૂરી બીલો અને જરુરી પુરાવા સાથે જિલ્લા કચેરીને સહાય અંગેની દરખાસ્ત મોકલવાની રહે છે. ત્યારબાદ રાજ્ય કક્ષાની સંયુકત ચકાસણી ટીમ દ્વારા સ્થળ ચકાસણી કરી ચુકવણા માટે વડી કચેરીને ભલામણ કરે છે અને ત્યાર બાદ બાગાયત નિયામકશ્રીની કચેરી ખાતેથી જે તે લાભાર્થીને ધિરાણ આધારિત બેંક એન્ડેડ સ્વરુપે સહાય ચુકવવામાં આવે છે.

<u>**અગ્રતા – ૧૦**</u>

**પ્રશ્ન- :** **રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કોલ્ડ સ્ટોરેજની કેટલી અરજીઓ મળી ?**
**અને મારો બીજો પ્રશ્ન છે કે**
**કોલ્ડ સ્ટોરેજ ઉભા કરવા માટે કેટલી સહાય ચૂકવવામાં આવી ?**

**જવાબ :** **માન. અધ્યક્ષશ્રી**

માન. સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં જણાવું તો,

- રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કોલ્ડ સ્ટોરેજની કુલ ૧૦ અરજીઓ મળી, જે પૈકી કુલ પાંચ અરજીઓને મંજુરી આપવામાં આવી.

**માન. અધ્યક્ષશ્રી માન. સભ્યશ્રીના બીજા પ્રશ્નના જવાબમાં જણાવું તો..**

- મંજુર કરેલ પાંચ અરજીઓ પૈકી બે કોલ્ડ સ્ટોરેજ ઉભા કરવાની કામગીરી પુર્ણ થતાં તા. ૩૧/૧૨/૨૦૨૩ સુધીમાં કેન્દ્ર સરકારની સહાય **રૂપિયા ૧ કરોડ ૭૫ લાખ** તથા રાજ્ય સરકારની રૂપિયા **૭૪ લાખ ૯૯ હજાર ૧૪૨ની** સહાય આપવામાં આવેલ છે. જ્યારે ત્રણ કોલ્ડ સ્ટોરેજની કામગીરી પ્રગતિ હેઠળ છે.